# ગરમીમાં મ્હોરતું ગાંધીનગર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના પહેલવહેલા ફોટોવૉકર્સ બેરફૂટ ફોટોવૉકર્સ દ્વારા ત્રણ સપ્તાહ પહેલાં રવિવારે પાંચમી ફોટોવૉકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પ્રથમ ચરણમાં સૅક્ટર-૭ ખાતે પ્રભાત અગાઉ ચાલતી અખબાર વિતરણ અંગેની કામગીરીના ફોટોગ્રાફ્સ એકત્ર કરવામાં આવ્યા હતા.

એ પછી ઊગતા સૂરજની સાથે જ આ ફોટોવૉકર્સ ગાંધીનગર શહેરમાં નીકળી પડ્યા હતા અને ગ્રીષ્મમાં મ્હોરતા નગરના ફોટોગ્રાફ્સ તેમણે એકત્ર કર્યા હતા. ગ્રીષ્મની ઓળખ સમ ખીલેલો ગરમાળો, ભરચક્ક ફૂલોથી લચી પડેલાં વૃક્ષો અને રંગબેરંગી ફૂલોનાં સુંદર ફોટોગ્રાફ્સ આ અનોખા ફોટોવૉકર્સ દ્વારા એકત્ર કરવામાં આવ્યા હતા.



# ધો-૧૦નું પરિણામ બીજી જૂને

## અગાઉ ત્રીજી જૂને આપવાની જાહેરાત કરાઈ હતી : હવે એક દિવસ વહેલું જાહેર કરાશે

અમદાવાદ, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ બોર્ડનું પરિણામ એક દિવસ વહેલુ તા.૨ જૂનના રોજ જાહેર કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ બોર્ડનું પરિણામ અગાઉ ૩જી જૂનના રોજ જાહેર કરવામાં આવનાર હતુ પરંતુ બોર્ડ દ્વારા વહેલુ પરિણામ તૈયાર થઈ જતા હવે એક દિવસ વહેલુ એટલે કે ૨જી જૂનના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. બોર્ડ દ્વારા ૨જી જુનના રોજ ફક્ત બોર્ડની વેબસાઈટ પર ધો.૧૦નું પરિણામ જાહેર કરાશે જ્યારે માર્કશીટનું વિતરણ તા.૭મી જૂનના રોજ જાહેર કરાશે. ધો.૧૦ બોર્ડમાં અંદાજે ૯.૫૦ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બીજીબાજુ એક દિવસ વહેલુ પરિણામ જાહેર કરવાના બોર્ડને વિદ્યાર્થી-વાલીઓએ આવકાર્યો છે.

# શાળાઓમાં આજે વિદ્યાર્થીઓને ધો. ૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ અપાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સહિત રાજયભરની શાળાઓમાં આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પરિણામો (માર્કશીટો)નું વિતરણ કરવામાં આવશે તેની સાથે જ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૨માં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ ઉચ્ચત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયિક પ્રવાહની લેવાયેલી પરીક્ષાનું ગત ૨૪મી મે ના રોજ પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આવતીકાલે વિદ્યાર્થીઓને શાળાઓ પરથી માર્કશીટનું વિતરણ કરવામાં આવનાર હોઈ શાળાઓ વિદ્યાર્થીઓથી ઉભરાશે.

આવતીકાલે વિદ્યાર્થીઓને માર્કશીટોનું વિતરણ કરવામાં આવશે તેની સાથે જ કોમર્સ આર્ટસ કોલેજો ઉપરાંત વ્યવસાયીકલક્ષી અભ્યાસક્રમોમાં પણ પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થશે. જેના કારણે કોલેજો ઉપર પ્રવેશ ફોર્મ મેળવવા વિદ્યાર્થીઓ અને વાલીઓની લાઈનો લાગશે.

વિદ્યાર્થીઓને જુદી જુદી કોલેજો પર ફોર્મ લેવા દોડાદોડ કરવી ન પડે તે માટે ગુજરાત યુનિવર્સિટી ખાતેથી જ પ્રવેશ ફોર્મનું વિતરણ કરવામાં આવનાર છે. આ ફોર્મમાં વિદ્યાર્થીઓએ પસંદગીની કોલેજોની પસંદગી આપવાની રહેશે.

# અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પાંચ લાખ સુધીની લોન

ગાંધીનગર, તા. ૨૮

સંયુક્ત સચિવ આદિજાતિ વિકાસ વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમ જેવાકે વ્યવસાયિક, ટેકનિકલ અને પી.એચ.ડી.ના અભ્યાસક્રમો માટે ૬ ટકા વ્યાજના દર સહિતની મહત્તમ રૂા. ૫.૦૦ લાખ સુધીની લોનની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ લોનની પુનઃચુકવણી વિદ્યાર્થીનો અભ્યાસગાળો પૂર્ણ થયા બાદ ૧ વર્ષ પછી અથવા નોકરી મળ્યાના ૬ માસ બાદ બન્નેમાંથી જે વહેલુ હશે ત્યારથી શરૂ થશે. અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ સ્વરોજગારી માટે આવકસર્જન પ્રવૃત્તિ માટે અલગ લોન મળી શકશે. આ અંગેની વધુ માહિતી આદિજાતિ વિકાસ વિભાગ, બ્લોક નં. ૮/૬, સચિવાલય, ગાંધીનગર અને એન. એસ. ટી. એફ. ડી. નવી દિલ્હીની વેબસાઈટ www. nstfdc. nic.in પરથી અથવા જિલ્લામાં આદિજાતિ કલ્યાણની જિલ્લા તકેદારી સમિતિ અને પ્રાયોજના વહીવટદારની કચેરી, પાસેથી ઉપલબ્ધ થઇ શકશે.

### આઈટીઆઈ-પોલીટેકનીકના ત્રણ વર્ષના કોર્સને મહત્વ

# સરકારી નોકરી માટે ધોરણ ૧૦-૧૨ સમકક્ષ જ ગણાશે

ગાંધીનગર, તા.૨૮

ધોરણ ૮ પછી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓનો બે વર્ષ કેતેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય, નેશનલ કાઉન્સીલ ફોર નેશનલ ટ્રેનીંગ અથવા ગુજરાત કાઉન્સીવ ફોર વોકેશનલ ટ્રેનીંગની પરીક્ષા પાસ કરેલ હોય તથા પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પાસ કરેલ હોય તથા પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોવાના ગણાવાના રહેશે, તેમ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

# CBSEનું પરિણામ ૮૦.૧૯ ટકા

*અમદાવાદ, તા. ૨૮*

*સીબીએસઈ બોર્ડ દ્વારા આજરોજ ધોરણ ૧૨નું ૮૦.૧૯ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે. ગતવર્ષે ૮૦.૨૮ ટકા પરિણામ જાહેર થયુ હતુ. દેશમાં ચેન્નઈ વિઝનનું ૯૦.૫૯ ટકા પરિણામ આવ્યુ છે. સીબીએસઈ બોર્ડે લેવાયેલી ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં દેશભરમાં ૮૧૫૭૪૯ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેનું પરિણામ ૮૦.૧૯ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. ગત વર્ષે ૮૦.૨૮ ટકા પરિણામ હતું. આ વર્ષે છોકરીઓનું પરિણામ ૮૬.૨૧ ટકા અને છોકરાઓનું પરિણામ ૭૫.૮૦ ટકા આવતા છોકરીઓ બાજી મારી ગઈ છે.*

*બોર્ડ દ્વારા અજમેરી વિઝનનું ૮૪.૨૮ ટકા પરિણામ આવ્યુ છે. જેમાં છોકરીઓનું ૮૮.૩૭ ટકા અને છોકરાઓનું ૮૧.૪૭ ટકા પરિણામ આવતા છોકરીઓ બાજી મારી ગઈ છે. અજમેર વિઝનમાં સમાવિષ્ટ ગુજરાત*

# યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

॥ આઠમો મણકો ॥



૧૫મી જાન્યુઆરી, ૧૮૯૭ના દિવસે સ્વામીજી કોલંબો આવી પહોંચ્યા. હજારો લોકો મુખ્ય માર્ગો પર એમનું સ્વાગત કરવા માટે રાહ જોઈ રહ્યા હતા. મુખ્ય માર્ગો પર મોટી મોટી કમાનો ઊભી કરવામાં આવી હતી. અનેક લોકોએ સ્વામીજીનું પુષ્પહારથી સ્વાગત કર્યું. સ્વામીજીને સરઘસાકારે એક મંડપમાં લઈ જવામાં આવ્યા, જ્યાં એમનું વ્યાખ્યાન થવાનું હતું. સ્વામીજીના માર્ગમાં લોકોએ ફૂલો-પાંદડીઓ બિછાવી હતી. ભારતના નવજાગરણની આ શરૂઆત હતી.

અમૃત બાજાર પત્રિકાએ લખ્યું, ‘સ્વામી વિવેકાનંદ એક વિજયી વીરની જેમ જયજયકાર લઈ સ્વદેશ પાછા ફરી રહ્યા છે. શું આ એ વાતની યાદ નથી અપાવતું કે ભારત પણ એક વિજેતા દેશ છે ! જોકે, અલગ અને પોતાની ઢબે. આ વિજયમાં તેણે શસ્ત્ર, દારૂગોળો કે ડાઈનેમાઈટ ઉપયોગમાં લીધાં નથી.’ આ તો ભારતીય આધ્યાત્મિકતા શક્તિનો વિજય છે, આત્માનો વિજય છે.

ગગનભેદી હર્ષધ્વનિ થવા લાગ્યો. સ્વામીજીએ સન્માનના પ્રત્યુત્તરમાં કહ્યું, ‘હું કોઈ રાજપુરુષ, સેનાપતિ કે કરોડપતિ નથી. પરંતુ, એક અકિંચન સંન્યાસી છું. એટલે આ માન એક વ્યક્તિને નહિ, પરંતુ એની પાછળ રહેલી ભાવનાને અપાય છે.’

રામનદના મહારાજા ભાસ્કર સેતુપતિએ પમ્બન ખાતે સાષ્ટાંગ પ્રણામ કરી સ્વામીજીનું પ્રેમપૂર્વક ભવ્ય સ્વાગત કર્યું. પમ્બનના નાગરિકો તરફથી આપવામાં આવેલ અભિનંદનપત્રમાં સ્વામીજીને કહેવામાં આવ્યું, ‘... હવે આપ દીર્ઘકાલીન અજ્ઞાનની નિદ્રામાંથી જાગૃત કરવાના કાર્યમાં લાગી જાઓ.’ ભારતનું નેતૃત્વ સ્વીકાર કરવા માટેનું આ સ્વામીજીને ખુલ્લું આમંત્રણ હતું. આ આમંત્રણના ઉત્તરમાં સ્વામીજીએ નવયુગની પોતાના સંદેશની કેટલીક મૂળભૂત વાતો કરતાં કહ્યું, ‘પ્રત્યેક રાષ્ટ્રને પોતાનો એક મુખ્ય આદર્શ હોય છે. એ આદર્શ જ એના રાષ્ટ્રીય જીવનની કરોડરજ્જુ હોય છે. ભારતની કરોડરજ્જુ રાજનીતિ, યુધ્ધ, વેપાર કે યંત્રવિદ્યાની પ્રતિભા નથી. ધર્મ - ફક્ત ધર્મ જ ભારતની કરોડરજ્જુ છે. સમગ્ર વિશ્વની દષ્ટિ આજે આધ્યાત્મિક પોષણ માટે ભારત તરફ વળી છે. પૃથ્વીનાં સઘળાં રાષ્ટ્રો માટે ભારતે જ તેની વ્યવસ્થા કરવી પડશે... ભલે આજે આપણે અધમ અને પતિત થયેલા હોઈએ છતાં પણ જો આપણે આપણા ધર્મને માટે સાચી નિષ્ઠાથી કામ કરવામાં લાગી જઈશું તો ફરી પાછા અવશ્ય મહાનતા પ્રાપ્ત કરીશું.’

રામેશ્વરના પ્રવચનમાં સ્વામીજીએ કહ્યું, ‘દીન, દુર્બળ અને રોગીમાં વસતા શિવનું પૂજન કરો.’ એ સાંભળી રામનદના રાજા એવા પ્રભાવિત થઈ ગયા કે બીજે જ દિવસે એમણે હજારો દરિદ્રનારાયણોને અન્ન-વસ્ત્રો આપી સંતુષ્ટ કર્યા.

મદ્રાસ પાસે આવેલા એક નાના રેલવે સ્ટેશને એક મજાની ઘટના બની. ત્યાં ટ્રેન થોભતી નહિ. તેમ છતાં લોકોએ સ્ટેશન માસ્તરને વિનંતી કરી કે બે-ચાર મિનિટ માટે સ્વામીજીની ટ્રેન થોભાવવામાં આવે. પણ સ્ટેશન માસ્તર માન્યા નહિં. આથી ત્યાં ભેગા થયેલા લોકો ટ્રેન રોકવા માટે પાટા ઉપર સૂઈ ગયા. દરમિયાનમાં ટ્રેન આવી પહોંચી. ગાર્ડે પરિસ્થિતિ જોઈને તુરત જ ટ્રેન થંભાવી દીધી. લોકો સ્વામીજીના ડબ્બા તરફ દોડ્યા. સ્વામીજી એમનો આગ્રહ જોઈને ભાવવિભોર બની ગયા અને હાથ ઊંચા કરીને બધાને આશીર્વાદ આપ્યા. લોકોની ઈચ્છા પૂરી થઈ અને તેઓ શાંત થઈ ગયા.

ટ્રેન જ્યારે મદ્રાસના એગ્મોર રેલવે સ્ટેશને આવી પહોંચી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૮૯૭ના રોજ સવારે ૭-૩૦ વાગ્યે ત્યારે ત્યાં તો હજારો લોકો એકઠા થયેલા હતા. મદ્રાસ હાઈકૉર્ટના ન્યાયાધિશ શ્રી સુબ્રમણ્યમ્ અય્યરના નેતૃત્વમાં રચાયેલ સ્વાગત સમિતિના સભ્યો, રાજાઓ, વકીલો, વેપારીઓ, શિક્ષકો, અધ્યાપકો - સૌ કોઈ ત્યાં હાજર હતા. મદ્રાસ શહેરમાં અપૂર્વ ઉન્માદ, ઉત્સાહ અને ઉમંગથી સ્વામીજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. હજારો ને લાખોનો માનવ મહેરામણ સ્ટેશનમાં, માર્ગની બંને બાજુએ, ઘરોના છાપરા પર અને શણગારેલી કમાનોની નીચે આ યુગનાયક સ્વામી વિવેકાનંદને આવકારવા ઊભો હતો. (અપૂર્ણ)

# શિક્ષણ જગતમાં એક નવા યુગનો ઉદય : યુનિક યુ ઈન્ટરનૅશનલ સ્કૂલ

## માત્ર શિક્ષણ જ નહીં, સંસ્કૃતિ અને સંસ્કાર માટે પણ પ્રયાસરત આ સંસ્થા સ્થાનિક વિદ્યાર્થીઓને વિશ્વ વિદ્યાર્થી બનાવી સ્પર્ધાત્મક દુનિયામાં સફળતા અપાવવા કટિબદ્ધ છે

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલકલામ આઝાદના ગ્રામીણ ભારત માટેના વિચાર પીયુઆરએ (પ્રોવાઈડીંગ અર્બન એમીનિટીઝ ઈન રૂરલ એરિયા) અંતર્ગત વિદ્યાર્થીઓને શહેરની સમકક્ષ શિક્ષણ આપવા માટે એક વિશ્વકક્ષાની સ્કૂલ જવાનપુરા, ઈડર ખાતે આરંભ પામી રહી છે.

‘યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ’ જેવું યુનિક નામ ધરાવતી આ સ્કૂલના નામાભિધાન પાછળ પણ એક હેતુ રહેલો છે. જે મુજબ, પ્રત્યેક બાળક કુદરતનું અનોખું સર્જન છે. બાળક આ ‘અનોખાપણા’ને ઓળકી શકે, જરૂરી માનસિકતા કેળવી શકે અને એ દિશામાં વિશ્વાસ તથા હિંમતપૂર્વક આગળ વધી શકે તે અંગેના પ્રયત્નો કરવાનો શાળાનો હેતુ છે, જેથી બાળક તેનું અસાધારણ કોટિનું યોગદાન દેશ અને વિશ્વને આપી શકે.

એ રીતે યુનિક યુનું નામ પ્રત્યેક વ્યક્તિમાં રહેલી નોખાપણાની વાતને પુષ્ટિ આપે છે. બાળકના અનોખાપણાને ઓળખવામાં, તેનામાં વિશ્વાસનો સંચાર કરી જરૂરી માનસિકતા અને કૌશલ્યો વિકસાવવા એ મિશન યુનિક યુ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે.

યુનિક યુ દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણ અને ઘડતર તથા તાલીમ માટે જે પરિકલ્પનાઓ કરવામાં આવી છે એ પણ યુનિક જ છે.

વિદ્યાર્થીને હંમેશા કેન્દ્રમાં રાખી જ્ઞાન, કૌશલ્ય અને અભિગમ જેવાં વિવિધ પાસાઓ દ્વારા વિકાસલક્ષી ગુણવત્તાયુક્ત કેળવણી. અસરકારક અને સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ દ્વારા પારદર્શક મૂલ્યાંકન.

યુનિક-યુના ઉદ્દેશોની પૂર્તિ વિશ્વકક્ષાએ થાય તે માટે અલગ અલગ હેતુ માટે વિશ્વની ખ્યાતનામ સંસ્થાઓ સાથે જોડાણ અને સહકાર.

આજના આઈટી યુગમાં ઉચ્ચ ગુણવત્તાવાળી વિષયવસ્તુ મલ્ટીમિડીયા દ્વારા વિદ્યાર્થીઓને ક્લાસરૂમમાં બેઠા બેઠા જ આપવી અને આ રીતે એમને વિશ્વકક્ષાનું જ્ઞાન તથા અનુભવ આપવો.

પ્રાથમિક કક્ષાએથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જરૂરી પાયારૂપ તાલીમ, સજ્જતા અને જરૂરી માનસિકતા.

વિદ્યાર્થીઓમાં નૈતિકતાના ગુણો વિકસે અને રાષ્ટ્ર પ્રત્યે પોતાનું કર્તવ્ય સમજી તેઓ સામાજિક રીતે જવાબદારી નિભાવવાની તથા યોગદાન આપવાની ભાવના ખીલવે.

સ્કૂલ કૅમ્પસમાં જ લર્નીંગ સૅન્ટરમાં સ્કૂલના શિક્ષકોને નિયમિત રીતે ગુણવત્તાયુક્ત તાલીમ આપી સુસજ્જ કરવા.

રમતગમત તેમજ વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમ દ્વારા બાળકમાં ખેલદિલી વિકસે, એમના ચારિત્ર્યનું ઘડતર થાય અને એમની સુષુપ્ત શક્તિઓ જાગ્રત થાય, એમનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવા.

પર્યાવરણની જાળવણી માટે સભાનતા કેળવાય, જાગૃતિ આવે તે માટે કૅમ્પસમાં પ્રકૃતિની જાળવણી થઈ શકે તે પ્રકારની વ્યવસ્થા અને ઈકો ફ્રેન્ડલી ટૅકનોલૉજીનો ઉપયોગ.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઘડતર માટે સ્કૂલના વાલીઓની સ્કૂલની અભ્યાસકીય અને સહઅભ્યાસકીય પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી.

વિદ્યાર્થીઓમાં શાળા જીવન દરમ્યાન નેતૃત્વ અને ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસે તે માટે કૅમ્પ, ટ્રૅકીંગ જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ સંસ્થાઓના સહકાર થકી અભિનવ શિક્ષણ.




આવા નવા જ પ્રકારના દ્રષ્ટિકોણથી શાળાનો આરંભ કરવા જઈ રહેલા શાળાના સ્થાપકો પણ અનુભવી જ છે.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ધ ગૂડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશનના બૅનર તળે શરૂ થઈ રહી છે, જેના મૅનેજિંગ ટ્રસ્ટી છે પ્રૉ. જિતેન્દ્રકુમાર પ્રહલાદભાઈ પટેલ. જેમના વ્યક્તિત્વમાં એક તેજસ્વી વિદ્યાર્થી, મૂલ્યનિષ્ઠ જીવન દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા નિષ્ઠ નાગરિક અને પ્રયોગશીલ શિક્ષણ શિક્ષણવિદ્નો સુભગ સમન્વય છે.

તેજસ્વી કારકિર્દી સાથે વૉકેશનલ ગાઈડન્સ બ્યુરો, કારકિર્દી માર્ગદર્શન, બુધ્ધિ કસોટી તથા નેતૃત્વ તાલીમ કાર્યક્રમોના માધ્યમથી તેઓ હજારો વિદ્યાર્થીઓના જીવનમાં હકારાત્મક ફેરફારો કરી ચૂક્યા છે અને કરી રહ્યા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ટોચના અને મહત્ત્વના હોદ્દાઓ સમર્પિત ભાવ સાથે નિભાવી તેમણે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સૅક્ટર-૧૫માં કાર્યરત ઍલડીઆરપી ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી એન્ડ રિસર્ચમાં વાઈસ પ્રિન્સીપાલ તરીકે કાર્ય કર્યા બાદ ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટીના ઍમસીએ પ્રોગ્રામમાં ડિરેક્ટર તરીકે નોંધપાત્ર કામગીરી તેઓ બજાવી રહ્યા છે તથા ઈનોવેશન કાઉન્સીલના ગાંધીનગર ક્ષેત્રના ડિરેક્ટર તરીકે પણ પોતાની સેવાઓ આપી રહ્યા છે.

શિક્ષણમાં ટૅકનોલૉજી એ તેમનો ગમતો વિષય છે. કોઈપણ પ્રકારના તાલીમ કાર્યક્રમનું અલગ પ્રકારે આયોજન કરી તાલીમનો સાચા અર્થમાં અનુભવ આપવા માટે તેઓ સતત વિચારશીલ અને પ્રયોગશીલ રહે છે.

ધ ગૂડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશનના ટ્રસ્ટી તરીકે યુનિક યુ સ્કૂલના સર્જનમાં તેમનો સાથ નિભાવી રહ્યા છે ડૉ. યોગેશકુમાર પટેલ. ગાંધીનગર માટે ડૉ. યોગેશકુમાર રમણલાલ પટેલનું નામ અજાણ્યું નથી. અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વાઈસ પ્રિન્સીપાલ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પીઆરઓ તરીકે એમની નામના ઘણી મોટી અને પ્રતિષ્ઠિત છે. પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ કક્ષાના શિક્ષણ તથા પ્રબંધનનો એમને ૧૫ વર્ષનો અનુભવ છે.

વિવિધ તાલીમ કાર્યક્રમોનું તેઓ આયોજન કરે છે અને ટ્રેનર તરીકે પણ રાજ્યકક્ષાએ પોતાની નિષ્ણાત સેવાઓ આપે છે. તેમના દ્વારા લિખિત બે પુસ્તકો રાજ્યની વિવિધ યુનિવર્સિટીઝમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં સ્થાન પામ્યાં છે.

કારકિર્દી માર્ગદર્શન એ એમનો પસંદગીનો વિષય છે અને મૂલ્યનિષ્ઠ શિક્ષણના એ આગ્રહી છે.

આ સફળ જોડી જે યુનિક સ્કૂલ શરૂ કરવા જઈ રહી છે એની સુવિધાઓ પણ આકર્ષક છે. જેમકે, ૩ એકરનું વિશાળ ઈકો ફ્રેન્ડલી કૅમ્પસ, ડિજીટલ ક્લાસરૂમ અને ઈ-લર્નિંગ સૅન્ટર, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મૅથ્સ, લૉજીક અને લૅન્ગ્વેજ લૅબ્સ, રમતગમત માટે વિશાળ મૅદાન, ઑડિયો-વિઝ્યુઅલ રૂમ, અત્યાધુનિક કૉમ્પ્યુટર, ઈન્ફર્મેશન ટૅકનોલૉજી લૅબ, ઈ-સિરોર્સ સૅન્ટર, લાયબ્રરી, ગુરુકુલ પદ્ધતિના ખુલ્લી હવાવાળા ક્લાસરૂમ, કાફેટેરિયા, કૅન્ટીન, યોગ અને મૅડીટેશન કૅન્દ્ર, સ્વચ્છ અને મિનરલ્સયુક્ત પાણી, કૅમ્પસમાં જ અત્યાધુનિક હૉસ્ટેલ, લલિતકલા સૅન્ટર તથા વિવિધ ઈનડોર રમતો માટેની સુવિધા.

માત્ર શિક્ષણ જ નહીં, સંસ્કૃતિ અને સંસ્કાર માટે પણ પ્રયાસરત આ સંસ્થા સ્થાનિક વિદ્યાર્થીઓને વિશ્વ વિદ્યાર્થી બનાવી સ્પર્ધાત્મક દુનિયામાં સફળતા અપાવવા કટિબદ્ધ છે.